# પ્રકરણ : ૧૩

## રાજકારણમા મોરારજીભાઈની વિચારધારા

મોરારજીભાઈને કોઈએ પ્રશ્ન કર્યો હતો કે તમે Leftist છોકે Rightist છો? મોરારજીભાઈનો જવાબ હતો હું Rightist છું મતલબ કે 'સત્યના પક્ષે' છું. Rightist નો અર્થ જમણેરી પણ થાય અને બીજો અર્થ સત્યવાદી પણ થાય!

મોરારજીભાઈની વિચારધારા સમાજવાદ કે સામ્યવાદ તરફી બિલકુલ ન હતી. મોરારજીભાઈને આવી વિચારધારા ધરાવનારા પ્રત્યે તેઓને અણગમો હતો જે મોરારજીભાઈએ કયારે પણ છુપાવ્યો ન હતો. જવાહરલાલને સમાજવાદ પ્રત્યે લગાવ હતો અને તેઓની નીતિમા સમાજવાદ સ્પષ્ટ દેખાતો હતો. જયારે મોરારજીભાઈએ અનેક વખત આ વિચારધારાનો વિરોધ પણ કર્યો હતો.

જયપ્રકાશ નારાયણ જેવા સમાજવાદીઓ સાથે મોરારજીભાઈને કયારે પણ મનમેળ થયો ન હતો.

વાતની શરૂઆત તો ૧૯૩૩ મા જયારે મોરારજીભાઈ નાસિક જેલમા સજા ભોગવતા હતા ત્યારે સમાજવાદની વિચારધારાના પુરસ્કર્તા એવા કેટલાક યુવાનો પણ જેલમા હતા. તે પૈકી જયપ્રકાશ નારાયણ, મીનુ મસાણી, અચ્યુત પટવર્ધન યુસુફ મહેરઅલી વિગેરે મળી કોંગ્રેસમા એક 'સમાજવાદી ગૃપ' ની રચના કરવા માંગતા હતા. જેલમા તેઓ મોરારજીભાઈને મળીને તેઓના ગૃપમા જોડાવા માટે અપીલ કરી હતી.

મોરારજીભાઈ પોતાની આત્મકથામાં નોંધે છે કે "સમાજવાદી સમાજ રચનાનો આ ભાઈઓનો જે ખ્યાલ હતો તે પ્રમાણે કોંગ્રેસનું સ્વરૂપ બદલવા માટે આ ગૃપની રચના કરવાનો આ લોકોનો ઈરાદો હતો. જવાહરજી પ્રત્યક્ષ આ ગૃપમાં ન હતા પરંતુ તેઓની વિચારધારા સમાજવાદ તરફી હતી અને એમનો આ ભાઈઓને ટેકો હતો એવું મેં સાંભળ્યું હતું."

મોરારજીભાઈ આગળ લખે છે કે, "આ ગૃપમાં જોડાવા માટે મને સમજાવવા એક ભાઈ મારી પાસે આવ્યા હતા અને મને કેટલાક પ્રલોભનો પણ આપ્યા હતા તેઓને મેં સ્પષ્ટ સમજાવ્યું હતું કે આવા પ્રલોભન વડે તમે જુદી જાતનું સંગઠન બનાવશો તે લાંબુ ટકી શકશે નહી અને હું ગાંધીજીના આદર્શોમા અને એમની સાધનશુધ્ધિમાં હું સંપૂર્ણપણે માનતો હોવાથી તમારા પક્ષે જોડાઈ શકું તેમ નથી."

મોરારજીભાઈને જયપ્રકાશ નારાયણ સામે એ કારણસર વાંધો હતો કારણ કે તેઓ નાસ્તિક હતા અને ભગવાનમા માનતા ન હતા. તે પ્રમાણે તેઓને ગાંધીજીની વિચારધારા પણ કેટલેક અંશે માન્ય ન હતી. આ લોકોને શંકા હતી કે ગાંધીજીના માર્ગે સ્વતંત્રતા પ્રાપ્ત કરી ન શકાય.

૧૯૩૪ મા જયારે મુંબઈ ખાતે ડૉ. રાજેન્દ્રપ્રસાદના પ્રમુખપદે કોંગ્રેસનું અધિવેશન ભરાયું હતું ત્યારે આ સમાજવાદી જૂથ કોંગ્રેસ પર કબજો જમાવશે એવું લાગી રહ્યું હતું. આ અધિવેશનમા કોંગ્રેસના ધ્યેયો માટે કેટલીક સ્પષ્ટતા કરવા માટે ગાંધીજીએ એક ઠરાવ મુકયો હતો. આગલા ઠરાવ પ્રમાણે સ્વાતંત્રતા પ્રાપ્તિ માટે "શાંતિમય અને યોગ્ય માર્ગે" આ શબ્દોને સ્થાને "સત્ય અને અહિંસાના માર્ગે" શબ્દો મુકવા

માટે ગાંધીજીનો આગ્રહ હતો પરંતુ આ ઠરાવનો જોરદાર વિરોધ સમાજવાદીઓએ કર્યો અને ઠરાવ નામંજુર થયો. આમ ગાંધીજીએ જાતે મુકેલો ઠરાવ અવગતિએ ગયો.

મોરારજીભાઈ આત્મકથામાં નોંધે છે કે "સમાજવાદી જૂથમા સ્પષ્ટરીતે જવાહરલાલજી જોડાયા ન હતા પરંતુ એ જૂથને એમની પ્રેરણા અને ટેકો મળતા હતા એ સ્પષ્ટ હતું. તેમ છતાં જવાહરલાલજી કોંગ્રેસમા તમામને સાથે રાખી કામ કરવા ઈચ્છતા હતા. વલ્લભભાઈ, રાજેન્દ્રબાબુ કે રાજાજીનો સાથ તેઓને ન રહે તો જવાહરજીની સ્થિતિ કમજોર બને એટલે તેઓ કેટલીક બાબતમા સમાધાનકારી વલણ અપનાવતા."

૧૯૩૫ મા જયારે લખનૌમા કોંગ્રેસનું અધિવેશન મળ્યું હતું તે વખતે જવાહરલાલજીએ નવી વર્કીંગ કમિટીની રચના કરતા સમાજવાદી જૂથના શ્રી જયપ્રકાશ નારાયણ, મીનુ મસાણી, આચાર્ય નરેન્દ્રદેવ અને કમલાદેવી ચટ્ટોપાધ્યાય વગેરેની નિમણુંક કરી વળી આ નવા સભ્યોએ વર્કીંગ કમિટીમા સમાવેલા શ્રી ભુલાભાઈ દેસાઈનો વિરોધ કર્યો અને તેઓને ન સમાવવા આગ્રહ કર્યો પરંતુ પાછળથી સમજાવટથી ભુલાભાઈનો સમાવેશ પણ કરવામાં આવ્યો.

ભારતની આઝાદી પછી સત્તા ઉપર આવેલા કોંગ્રેસ પાર્ટીમા બે પ્રવાહો વહી રહ્યા હતા. જવાહરલાલજીની સમાજવાદી વિચારધારા અને બીજી ગાંધી વિચારધારા. જવાહરલાલ ત્યારે પ્રગતિશીલ ગણાવા લાગ્યા અને મોરારજીભાઈને પ્રત્યાઘાતી ગણાયા. મોરારજીભાઈની વિચારધારા જૂનવાણી ગણાવા લાગી. મોરારજીભાઈ ગાંધીવાદના એટલા ચુસ્ત અનુયાયી હતા કે તેઓ એવુ માનતા કે જે લોકોને ગાંધીવાદી વિચારધારા મંજુર ન હોય અને સત્ય અને અહિંસામા વિશ્વાસ ન હોય તેનું સ્થાન ભારતના રાજકારણમા ન હોવું જોઈએ.

જયપ્રકાશ નારાયણની વિચારધારા કાળક્રમે માર્કસવાદી પછી સમાજવાદી અને છેવટે ગાંધીવાદી સુધી પરિવર્તિત થઈ તેઓએ 'સર્વોદય' યોજના રજુ કરી પરંતુ મોરારજીભાઈને જયપ્રકાશજીની આ યોજનામા જરાયે વિશ્વાસ ન હતો. મોરારજીભાઈના શબ્દોમા કરીએ તો "જે લોકોને ગાંધીજીને સત્ય અને અહિંસાની નીતિમાં સંપૂર્ણ ન હતો તેવા લોકો હવે અહિંસાની વાતો કરતા થયા છે."

ગાંધીજીના અંગત સચિવ એવા મહાદેવભાઈ દેસાઈના પુત્ર નારાયણ દેસાઈ પણ જયપ્રકાશજી સાથે સર્વોદય યોજનામા જોડાયા હતા. તેઓએ પણ મોરારજીભાઈને કહ્યું હતું કે જયપ્રકાશજી હવે નાસ્તિક નથી. તેઓ હવે ભગવાન પણ માને છે અને સ્વચ્છ રાજકારણમા પણ માને છે પરંતુ મોરારજીભાઈએ સ્પષ્ટ શબ્દોમા કહ્યું હતું કે " તેઓએ આ દિશામા પ્રગતિ જરૂર કરી છે પરંતુ તે સંપૂર્ણ નથી કારણકે હજી તેઓએ સંપૂર્ણ રીતે ગાંધી વિચારધારા અપનાવી નથી."

આમ મોરારજીભાઈ અને જયપ્રકાશજી વચ્ચે વિચારભેદ આખી જીંદગી રહ્યો જે અંગે જયપ્રકાશજી મોરારજીભાઈ કરતા વધુ પ્રમાણિક દેખાયા જયારે કટોકટી પછી વડાપ્રધાનપદ માટે મોરારજીભાઈના નામનો પ્રસ્તાવ જયપ્રકાશજીએ જ મુકયો હતો!